**(1)** ઉંમર વધવાની સાથે શરીરના વિવિધ અવયવોના વજન, કદ અને આકારમાં થતો ફેરફાર ક્રમિક, પ્રગતિગામી અને પ્રમાણાત્મક ફેરફાર એટલે........

**[પોલીસ સબ ઈન્સ્પેક્ટર (ખાતાકીય) - 2017]**

(A) વારસો (B) વિકાસ (C) વૃદ્ધિ (D) પરિપક્વન *Ans:* C

**(2)** ક્રિયાત્મક સંશોધનનું સૌથી પહેલું સોપન કયું છે ?

**[HTAT -2017]**

(A) ઉત્કલ્પનાઓ બાંધવી (B) સમસ્યા ક્ષેત્ર (C) પ્રયોગ કાર્યની રૂપરેખા (D) સમસ્યા - પસંદગી *Ans:* D

**(3)** આંતરસૂઝ દ્વારા થતું અધ્યયન કયા મનોવૈજ્ઞાનિકે સમજાવ્યું ?

**[TET - II (General / S.S.) - 2017]**

(A) રૂડોલ્ફ (B) કોહલર (C) રૂસો (D) સ્કિનર *Ans:* B

**(4)** સુપ્રસિદ્ધ મનોવિજ્ઞાની ઈવાન પાવલોવ તેમના સંશોધનમાં કયા પશુના ઉપયોગ માટે જાણીતા છે?

**[પોલીસ સબ ઈન્સ્પેક્ટર (પ્રિલિમ) - 2017]**

(A) કૂતરો (B) ઉંદર (C) ઘોડો (D) ઘેટું *Ans:* A

**(5)** માનવજીવન ઉપર મોટે ભાગે કોનો પ્રભાવ વધારે પડે છે ?

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) સહકર્મચારી (B) પરિવાર (C) શાળા (D) મિત્રો *Ans:* B

**(6)** રેમન્ડ કેટલે વ્યક્તિત્વના.............. મૂળ ગુણ શોધ્યા છે.

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) 16 (B) 18 (C) 14 (D) 13 *Ans:* A

**(7)** પ્રેરણાનો સહજવૃત્તિના સિદ્ધાંતના પ્રણેતા કોણ છે ?

**[TET - II (General / S.S.) - 2017]**

(A) વોટ્સન (B) મેકડુગલ (C) સ્કેિનર (D) ફ્રોઈડ *Ans:* B

**(8)** લૌકિક ધ્યેયને પ્રાપ્ત કરવા માટે અલૌકિક સાધનોના ઉપયોગને જાદુ કહેવાય તેવું કોણે કહ્યું?

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) સ્પેન્સર (B) મેલિનોવ્સ્કી (C) દુર્ખીમ (D) શ્રીનિવાસ *Ans:* B

**(9)** 'શિક્ષણ - ભીતરનો ખજાનો' એ પુસ્તક માટે નીચેના પૈકી કયું બંધબેસતું છે ?

**[HTAT -2017]**

(A) NCTE (B) NCERT (C) યુનેસ્કો (UNESCO) (D) યુનિસેફ (Unicef) *Ans:* C

**(10)** અભિક્રમિત અધ્યયનની ખાસ વિશેષતા કઈ છે ?

**[TET - II (General / S.S.) - 2017]**

(A) બધા અધ્યેતા ઝડપથી શીખે (B) અધ્યેતા પોતાની ગતિથી શીખે (C) બધા અધ્યેતા સરખી ઝડપે શીખે (D) અધ્યતાઓ સરેરાશ ઝડપે શીખે *Ans:* B

WWW.OJAS-MARUGUJARAT.IN

**(11)** .............ની પ્રેરણા ધરાવતા લોકો અન્યને પોતાની તરફ વાળવાનો અને તેમની પ્રવૃત્તિને નિયંત્રિત કરવાનો પ્રયત્ન કરે છે.

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) સહકાર (B) સંલગ્નતા (C) જાતિયતા (D) સત્તા *Ans:* D

**(12)** ઐરિકસનના મતે બાળપણથી પ્રૌઢ વય સુધી વ્યક્તિત્વ ........... તબક્કામાં વિકસે છે.

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) બે (B) આઠ (C) પાંચ (D) નવ *Ans:* B

**(13)** ........... મનોવિકૃતિમાં ખિન્નતા અને ઉન્મત્તાતા બન્નેના તબક્કાઓ જોવા મળે છે.

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) વિકૃત ચિંતા (B) વિકૃત ભય (C) છિન્ન (D) દ્વિધ્રુવી *Ans:* D

**(14)** મનોવિજ્ઞાનની પ્રથમ પ્રયોગશાળાની સ્થાપના કોણે કરી હતી ?

**[જેલ સિપાહી -2013]**

(A) હિલગાર્ડ (B) સી.ટી, મોર્ગને (C) વિલ્હેમ વુન્ટ (D) એચ.ઈ. ગેરેટે *Ans:* C

**(15)** ............. નેતા સર્વસત્તાધીશ હોય છે જે જૂથ માટેના નિર્ણયો પોતે જ લે છે.

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) આપખુદ (B) પોષક (C) મુક્ત (D) કરિશ્માની *Ans:* A

**(16)** "માનવીની સંપૂર્ણ વ્યક્તિમત્તાનું પ્રગટીકરણ એટલે કેળવણી" એવું કહેનાર કોણ હતા ?

**[TET - II (General / S.S.) - 2017]**

(A) ગાંધીજી (B) સ્વામી વિવેકાનંદ (C) મહર્ષિ અરવિંદ (D) રવીન્દ્રનાથ ટાગોર *Ans:* B

**(17)** .... ની પ્રેરણાને પરિણામે જ કુટુંબ અને સમાજો રચાયાં છે.

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) સહકાર (B) જાતિયતા (C) સંલગ્નતા (D) સિદ્ધિ *Ans:* C

**(18)** પ્રમાણિત કસોટી માટે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

**[HTAT -2017]**

(A) જૂથના વિદ્યાર્થીઓની સિદ્ધિની આપસમાં સરખામણી કરવાની હોતી નથી.
(B) આ કસોટી ચોક્કસ જૂથ માટે તૈયાર થાય છે.
(C) પરીક્ષાર્થીને મૌલિક લેખન કરવાની તક મળે છે.
(D) સામાન્ય રીતે આત્મલક્ષી પ્રશ્નોનો સમાવેશ થાય છે.

*Ans:* B

**(19)** ............. સ્મૃતિમાં માહિતી વર્ષો સુધી અથવા આજીવન યાદ રહે છે

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) કામચલાઉ (B) ટૂંકા ગાળાની (C) લાંબા ગાળાની (D) સાંવેદનિક *Ans:* C

WWW.OJAS-MARUGUJARAT.IN

**(20)** વ્યામોહ એ ........... મનોવિકૃતિનો પ્રકાર છે.

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) વિઘટિત (B) છિન્ન (C) અવિભિન્નકૃત (D) ધ્યાનશૂન્યતા *Ans:* B

**(21)** કુદરતના જે સર્જનોમાં ચેતનાનો સંચાર થતો હોય તેને શું કહેવાય ?

**[કોન્સ્ટેબલ -2016]**

(A) નિર્જીવ (B) સજીવ (C) વારસો (D) અનુવંશ *Ans:* B

**(22)** નીચેના પૈકી કયું વિધાન અભિગમ - વિગમન સંઘર્ષ દર્શાવે છે ?

**[HTAT -2017]**

(A) ભણવાનો કંટાળો આવે છે અને ઘરે રહી ઘરનું કામ કરવાનું પણ નથી ગમતું.
(B) શિક્ષકની નોકરી કરવી છે પણ દુરના વિસ્તારમાં જવું પડે એ નથી ગમતું.
(C) પ્રાથમિક શિક્ષક તરીકે કામ કરવું ગમે છે અને માધ્યમિક શિક્ષક તરીકે પણ પસંદગી મળી છે. - જવું તો ક્યાં જવું ?
(D) એક તો શાળા દૂર છે અને શહેરની શાળામાં જવા માટે કોઈ નિયમિત વાહન સેવા પણ નથી, - આ બાબતનો જ માનસિક થાક લાગે છે.

*Ans:* B

**(23)** પ્રત્યાયનના મુખ્ય ત્રણ ઘટકો કયા છે ?

**[HTAT -2017]**

(A) પ્રેષક - માધ્યમ - સંદેશો મેળવનાર (B) પ્રેષક – સંદેશો - સંદેશો મેળવનાર (C) વિષયવસ્તુ – પ્રવૃત્તિ - મૂલ્યાંકન (D) સંદેશો – માધ્યમ - સંદેશો મેળવનાર *Ans:* B

**(24)** મેથેટિક્સ પ્રકારના અભિક્રમના પ્રણેતા કોણ હતા ?

**[TET - II (General / S.S.) - 2017]**

(A) એસ્ટોલોજી (B) ટી.એફ.ગિલ્બર્ટ (C) એડગર ગેઈલ (D) થોર્નડાઈક *Ans:* B

**(25)** મનોવિજ્ઞાનની સૌપ્રથમ પ્રયોગશાળા ............ એ જર્મનીની લાઈપઝિંગ યુનિવર્સિટીમાં શરૂ કરી.

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) ફ્રોઈડ (B) મૅક્સ વર્ધાઈમર (C) વિલ્હેમ વુન્ટ (D) રોજર્સ *Ans:* C

**(26)** બાળપણના અનુભવો વયસ્ક વ્યવહારને પ્રભાવિત કરે છે તેવું નીચે પૈકી કયા સિદ્ધાંતમાં દર્શાવ્યું છે ?

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) મનોવિશ્લેષણાત્મક સિદ્ધાંત
(B) વ્યવહાર સંશોધન સિદ્ધાંત
(C) વ્યક્તિ કેન્દ્રિત સિદ્ધાંત
(D) અસ્તિત્વવાદી સિદ્ધાંત

*Ans:* A

**(27)** ............. ની પ્રેરણા ઉત્તમતાનાં ધોરણો અપનાવવા પ્રેરે છે.

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) સત્તા (B) સિદ્ધિ (C) સંલગ્નતા (D) ભૂખ *Ans:* B

WWW.OJAS-MARUGUJARAT.IN

**(28)** સ્કિનર દ્વારા દર્શાવવામાં આવેલા અભિક્રમિત અધ્યયન સાથે નીચેનામાંથી કઈ બાબત સાચી છે ?
**[HTAT -2017]**

(A) સંખ્યાજ્ઞાન, સરવાળો, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર ક્રમિક રીતે શીખવવા
(B) બાળકને ઉંમર મુજબના ધોરણમાં ક્રમશઃ આગળ વધારવું
(C) શ્રવણ - કથન – વાચન – લેખન ક્રમિક રીતે શીખવવા
(D) એક સંકલ્પના શીખવવા માટેના ક્રમશઃ તબક્કાને અનુસરવા

*Ans:* D

**(29)** વૃદ્ધિ અને વિકાસ સંબંધે નીચેના પૈકી કયું વિધાન સુસંગત નથી ?
**[HTAT -2017]**

(A) વિકાસ જટીલ પ્રક્રિયા છે.
(B) વિકાસ સંકુલ પ્રક્રિયા છે.
(C) વૃદ્ધિ વારસા પર આધારિત છે.
(D) વિકાસને બાહ્ય ક્ષમતાઓ સાથે વિશેષ સંબંધ છે.

*Ans:* D

**(30)** 'આખી વસ્તુ એના ભાગોના સરવાળા કરતા કંઈક વધુ છે.' આ વિધાન નીચેના પૈકી કયા મનોવૈજ્ઞાનિક વાદનું સમર્થન કરે છે ?
**[HTAT -2017]**

(A) સંયોજનાવાદ (B) વર્તનવાદ (C) પ્રયોજનવાદ (D) સંરચનાવાદ *Ans:* A

**(31)** મનોવિજ્ઞાનની કઈ શાખા સામાજિક પરિસ્થિતિમાં વ્યક્તિના વર્તનને સમજવાનો પ્રયાસ કરે છે ?
**[કોન્સ્ટેબલ -2016]**

(A) સમાજલક્ષી (B) વિકાસાત્મક (C) મનોમાપનલક્ષી (D) પર્યાવરણલક્ષી *Ans:* A

**(32)** એડગર ડેલનો શિક્ષણમાં ફાળો એટલે નીચે પૈકી.........
**[TET - II (General / S.S.) - 2017]**

(A) અનુભવ શંકુ (B) અનુભવ ચક્ર (C) અનુભવ શિક્ષણવક્ર (D) અનુભવ વર્તુળ *Ans:* A

**(33)** નીચેનામાંથી કયો કેસ વર્કનો સિદ્ધાંત નથી ?
**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) મુલ્યાંકન (B) ગોપનીયતા (C) વિશિષ્ટ ઉદ્દેશ (D) વૈયક્તિકરણ *Ans:* C

**(34)** ....... સ્મૃતિમાં માહિતી આશરે 20 સેકન્ડ સુધી જળવાઈ રહે છે.
**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) સાંવેદનિક (B) અર્થાત્મક (C) લાંબા ગાળાની (D) ટૂંકા ગાળાની *Ans:* D

**(35)** 'મુક્તિ અપાવે તે વિદ્યા' આ વ્યાખ્યા ક્યાંથી લેવામાં આવી છે ?
**[સર્વ શિક્ષા અભિયાન (C.R.C.) કો-ઓર્ડિનેટર - 2017]**

(A) વેદ (B) શ્રીમદ્ ભગવદ્ ગીતા (C) ઉપનિષદ (D) મનુસ્મૃતિ *Ans:* C

WWW.OJAS-MARUGUJARAT.IN

**(36)** નીચે પૈકી કયું પરિબળ ધ્યાનના આંતરિક પરિબળ પૈકીનું નથી ?

**[TET - II (General / S.S.) - 2017]**

(A) મનોવલણ (B) પૂર્વાનુભવ (C) ઉદ્દીપકનું પુનરાવર્તન (D) રસ કે અભિરૂચિ *Ans:* C

**(37)** બાળકોને શું નથી આવડતું એ ચકાસવા માટે નીચેના પૈકી કઈ કસોટીનું આયોજન કરવું જોઈએ ?

**[HTAT -2017]**

(A) ઉપચાર કસોટી (B) સમેટીવ ટેસ્ટ (C) નિદાન કસોટી (D) સિદ્ધિ કસોટી *Ans:* C

**(38)** કઈ અવસ્થાને "જીવનની વસંત" તરીકે ઓળખવામાં આવે છે ?

**[TET - II (General / S.S.) - 2017]**

(A) પ્રૌઢાવસ્થા (B) શિશુ અવસ્થા (C) બાલ્યાવસ્થા (D) તરુણાવસ્થા *Ans:* D

**(39)** ........... એટલે સંવેદનના અર્થઘટન વડે જ્ઞાન પામવાની ક્રિયા.

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) શિક્ષણ (B) પ્રત્યક્ષીકરણ (C) વિચાર (D) ધ્યાન *Ans:* B

**(40)** બુદ્ધિઆંક (IQ) નો ખ્યાલ .............. એ આપ્યો છે.

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) સ્ટર્ન (B) ટર્મન (C) રેવન (D) બિન-સાયમન *Ans:* A

**(41)** વારસો અને વાતાવરણ બાળકના ક્યા વિકાસને પ્રભાવિત કરે છે ?

**[TET - II (General / S.S.) - 2017]**

(A) આ ત્રણેય (B) સંવેગાત્મક (C) સંજ્ઞાત્મક (D) સામાજિક *Ans:* A

**(42)** વિજ્ઞાનનો ઈતિહાસ જોતા જ્ઞાનનો સમગ્ર જથ્થો શામાં સમાવિષ્ટ થયેલો હતો ?

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) મનોવિજ્ઞાનમાં (B) ભૌતિક વિજ્ઞાનમાં (C) તત્ત્વજ્ઞાનમાં (D) સમાજશાસ્ત્રમાં *Ans:* C

**(43)** ............ એટલે નિયંત્રિત પરિસ્થિતિમાં કરવામાં આવતું નિરીક્ષણ.

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) કુદરતી નિરીક્ષણ (B) અંતનિરીક્ષણ (C) પ્રયોગ (D) અવલોકન *Ans:* C

**(44)** ............... એટલે શરીરના અંગોમાં થતો ફેરફાર

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) પરિપકવતા (B) વૃદ્ધિ (C) પ્રકૃતિ (D) વિકાસ *Ans:* B

**(45)** 'પ્રયત્ન અને ભૂલ સુધાર' ને અધ્યયનના સિદ્ધાંત તરીકે સ્થાપિત કરનાર મનોવૈજ્ઞાનિકનું નામ શું ?

**[HTAT -2017]**

(A) પાવલોવા (B) થોર્નડાઈક (C) વેબર (D) વોટસન *Ans:* B

WWW.OJAS-MARUGUJARAT.IN

**(46)** મનોભાર માટેનો અંગ્રેજી શબ્દ "Stress" ............. શાખાનો શબ્દ છે.

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) કાયદા (B) રસાયણશાસ્ત્ર (C) ઈજનેરી (D) તબીબી *Ans*: C

**(47)** પ્રત્યક્ષવાદ એટલે ....

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) નિકટતાથી જોવી

(B) ઘટનાને પ્રત્યક્ષ રીતે જોવી

(C) ઘટનાને વૈજ્ઞાનિક રીતે જોવી

(D) ઘટનાને પરોક્ષ રીતે જોવી.

*Ans*: C

**(48)** પૂર્વગ્રહ જ્યારે બાહ્ય વર્તનમાં અભિવ્યક્ત થાય છે ત્યારે તેને..... કહેવાય છે.

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) દયાભાવ (B) ભેદભાવ (C) સમભાવ (D) અભાવ *Ans*: B

**(49)** અભિપ્રેરણા અંતર્ગત મેસ્કોએ વર્ણવેલ જરૂરિયાતો પૈકી ક્રમશઃ બીજી અને ત્રીજી જરૂરિયાત કઈ છે?

**[HTAT -2017]**

(A) સલામતી અને પ્રેમ (B) શારીરિક અને માનસિક (C) સલામતી અને પ્રતિષ્ઠા (D) પ્રેમ અને પ્રતિષ્ઠા *Ans*: A

**(50)** કેળવણીને ત્રિધ્રુવી પ્રક્રિયા તરીકે કોણે સ્વીકારી ?

**[TET - II (General / S.S.) - 2017]**

(A) રોસ (B) જહોન ડ્યૂઈ (C) એડમ્સ (D) સ્મિથ *Ans*: B

**(51)** ........ એક એવું પરિબળ છે જે વર્તનની શરૂઆત કરાવે અને વર્તનને દિશા આપે છે.

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) આવેગ (B) શિક્ષણ (C) પ્રેરણા (D) સમાયોજન *Ans*: C

**(52)** ........ એ પ્રેરણાઓની શ્રેણીક્રમનો સિદ્ધાંત આપ્યો છે.

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) મેકડૂગલ (B) મૈસ્લો (C) મૉર્ગન (D) વડવર્થ *Ans*: B

**(53)** સુપ્રસિદ્ધ મનોવિજ્ઞાની સિગ્મન્ડ ફ્રોઈડ કયા રાષ્ટ્રના હતા ?

**[પોલીસ સબ ઈન્સ્પેક્ટર (પ્રિલિમ) - 2017]**

(A) સ્પેન (B) ફ્રાન્સ (C) ઑસ્ટ્રિયા (D) ઑસ્ટ્રેલિયા *Ans*: C

**(54)** કઈ શૈલીમાં ઉછરેલાં બાળકો સહકારની ભાવના વગરનાં હોય છે ?

**[કોન્સ્ટેબલ -2016]**

(A) સામેલગીરી વિનાની (B) આપખુદ (C) અધિકારવાદી (D) લાડ લડાવવાની *Ans*: D

**(55)** કેશ્મર અને શેલ્ડને .......... ના આધારે વ્યક્તિત્વના પ્રકારો પાડ્યાં છે.

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) મિજાજ (B) પ્રકૃતિ (C) શરીરના બાંધા (D) સ્વભાવ *Ans*: C

WWW.OJAS-MARUGUJARAT.IN

**(56)** બાળ મનોવિજ્ઞાન .......... વર્ષ સુધીના બાળકના વર્તનનો અભ્યાસ કરે છે.

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) 0 - 12 (B) 1 - 6 (C) 6 - 12 (D) 3 - 6 *Ans:* A

**(57)** થોર્નડાઈકના સામાન્ય તત્ત્વોના સિદ્ધાંત મુજબ

1. ગુજરાતી શબ્દકોષ વાપરવો
2. હિન્દી શબ્દકોષ વાપરવો
3. અંગ્રેજી શબ્દકોષ વાપરવો

આ ત્રણ પૈકી કઈ બે પરિસ્થિતિ વચ્ચે સંક્રમણ વધારે થશે ?

**[HTAT -2017]**

(A) બીજી અને ત્રીજી (B) સંક્રમણ શક્ય નથી (C) પ્રથમ અને ત્રીજી (D) પ્રથમ અને બીજી *Ans:* C

**(58)** નીચેનામાંથી કોણ સુપ્રસિદ્ધ ભારતીય મનોવિજ્ઞાની નથી ?

**[પોલીસ સબ ઈન્સ્પેક્ટર (પ્રિલિમ) - 2017]**

(A) નરેન્દ્રનાથ સેનગુપ્તા

(B) જી.ડી. બોઆઝ

(C) ગોવિંદરાજન પદ્મનાભન

(D) અમિત અબ્રાહમ

*Ans:* C

**(59)** શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં ઈડ, ઈગો અને સુપર ઈગોના પુરસ્કર્તા કોણ છે ?

**[HTAT -2017]**

(A) સ્કિનર (B) ફ્રોઈડ (C) મેકડૂગલ (D) મેસ્લો *Ans:* B

**(60)** 'તેજસ્વી બાળકોને શીખવવામાં અને શિક્ષણમાં નબળા બાળકોને શીખવવા ભિન્ન-ભિન્ન પદ્ધતિઓનો આશ્રય લેવો જોઈએ.' અહીં કયો સિદ્ધાંત સમાયેલો છે ?

**[TET - II (General / S.S.) - 2017]**

(A) વિષયોના અનુબંધનો

(B) પ્રેરણાનો

(C) જીવન સાથે અનુબંધનો

(D) વ્યક્તિગત તફાવતો

*Ans:* D

**(61)** કોઈ ચોક્કસ જૂથ, વંશ કે રાષ્ટ્રના લોકો પ્રત્યેનું વ્યક્તિનું પક્ષપાતી અને નિષેધક મનોવલણ એટલે જ...

**[GSSSB પ્રોબેશનરી ઓફિસર -2016]**

(A) પૂર્વગ્રહ (B) જૂથ સંઘર્ષ (C) સત્યાગ્રહ (D) હઠાગ્રહ *Ans:* A

**(62)** અભિક્રમિત અધ્યયન સાથે કોનું નામ સંકળાયેલું છે ?

**[TET - II (General / S.S.) - 2017]**

(A) જહોન ડ્યૂઈ (B) કોહલર (C) સ્કેિનર (D) થોર્નડાઈક *Ans:* C

WWW.OJAS-MARUGUJARAT.IN

**(63)** બુનિયાદી શિક્ષણના મુખ્ય ચાર સિદ્ધાંતોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

**[HTAT -2017]**

(A) સ્વાવલંબનનું શિક્ષણ

(B) માતૃભાષા દ્વારા શિક્ષણ

(C) સ્વતંત્રતા માટેનું શિક્ષણ

(D) સાત વર્ષનું મફત અને ફરજિયાત શિક્ષણ

***Ans:*** C

**Scan** to Play Quiz Gujarat!

હાલમાં ચાલી રહેલ ભરતીઓ Last Day Job List: Click Here

Report mistake if any on info@gujarat1.com

© OJAS-MaruGujarat.in: Copyright Notice

Beware of Duplicate and Fake websites named "**OJAS-Marugujarat**". Always type **.in** after "**OJAS-Marugujarat**". To find genuine information regarding jobs, visit "www.OJAS-Marugujarat.in" website on a regular basis.

WWW.OJAS-MARUGUJARAT.IN